| Re Accredited Grade "A" by NAAC | સૌરાષ્ટ્ર યુનિવર્સિટી |
|---|---|
| સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કાર્યાલય, યુનિવર્સિટી કેમ્પસ, રાજકોટ૩૬૦૦૦૫- | |
| નં/.એકે./ગ્રંથનિર્માણ/ ૩૨૬ / ૨૦૧૭ | તા :- ૧૪/ ૩/૨૦૧૭ |

પરિપત્ર-:

આથી યુનિવર્સિટીની સર્વે વિદ્યાશાખાના ડીનશ્રીઓ તથા તમામ વિષયની અભ્યાસ સમિતિઓના ચેરમેનશ્રીઓ અને યુનિવર્સિટીના સર્વે ભવનોના પ્રાધ્યાપક અને અધ્યક્ષશ્રીઓને સવિનય જણાવવાનું કે યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ તરફથી વિવિધ વિદ્યાશાખાઓ તેમજ વિષયો માટે અભ્યાસક્રમને અનુરૂપ સંદર્ભ ગ્રંથો તૈયાર કરવા માટે સોમવાર તા:-૨૦-૩-૨૦૧૭ના રોજ બપોરના ૧૨-૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયના સેનેટ હોલ ખાતે એક બેઠકનું માન.કુલપતિશ્રીના અધ્યક્ષસ્થાને આયોજન કરવામાં આવેલ છે. ઉપર્યુક્ત બેઠકમાં યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડના ઉપાધ્યક્ષ શ્રીમતી ભાવનાબેન દવે પણ ઉપસ્થિત રહેશે. જેથી ઉપરોક્ત સર્વે ડીનશ્રી, ચેરમેનશ્રી અને યુનિવર્સિટી ભવનોના પ્રાધ્યાપક અને અધ્યક્ષશ્રીઓએ હાજર રહેવા વિનંતી. આ બેઠક ઉપરાંત ઉક્ત બોર્ડ દ્વારા પ્રકાશિત પુસ્તકોનું પ્રદર્શન તેમજ વેચાણ માટેની જોગવાઈ પણ કરવામાં આવેલ છે. જેનો અધ્યાપકો તથા વિદ્યાર્થીઓ પણ લાભ લઈ શકશે. જે વિદિત થવા વિનંતી.

(ડૉ.ધીરેન ડી. પંડ્યા)
I/C. કુલસચિવ

પ્રતિ,

યુનિવર્સિટીની સર્વે વિદ્યાશાખાના ડીનશ્રીઓ તથા તમામ વિષયની અભ્યાસ સમિતિઓના ચેરમેનશ્રીઓ અને યુનિવર્સિટીના સર્વે ભવનોના પ્રાધ્યાપક અને અધ્યક્ષશ્રીઓ

<u>નકલ સાદર રવાના :-</u>

૧. કુલપતિશ્રી/કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી,
૨. સર્વે સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ તરફ જાણ તથા નોટિસબોર્ડ ઉપર પરિપત્ર પ્રસિધ્ધ કરવા અર્થે.
૩. ગ્રંથપાલશ્રી, યુનિવર્સિટી ગ્રંથાલય:-ઉપરોક્ત પ્રદર્શન તથા વેચાણ વ્યવસ્થાના આયોજન અર્થે.
૪. શ્રીમતી ભાવનાબેન દવે, ઉપાધ્યક્ષશ્રી, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, પાટનગર યોજના ભવન, ગુજરાત કોલેજ પાછળ,જુના શારદા મંદિર ચાર રસ્તા, એલિસ બ્રીજ, અમદાવાદ.-૩૮૦૦૦૬
૫. નિયામકશ્રી, યુનિવર્સિટી કોમ્પ્યુટર સેન્ટર, રાજકોટ- વેબસાઈટ ઉપર પ્રસિધ્ધ કરવા સી.ડી.સાથે
૬. ઓડિટ વિભાગ.
૭. હિસાબી વિભાગ.

DNB/PARIPATRA/14